


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત
Volume : 18
Issue : 169
Dt.: 01-03-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### સાણંદ એ ધરતી જે માટીને પણ સોનું બનાવી દે: વડાપ્રધાન મોદી

# વડાપ્રધાન મોદીએ સાણંદમાં માઈક્રોન સેમિકન્ડક્ટર ATMP સુવિધાનું ઉદ્‌ઘાટન કર્યું

## આ સેમિકન્ડક્ટર હબ હજારો લોકોને રોજગારી આપશે: AI અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારત-અમેરિકા ભાગીદારી મહત્વપૂર્ણ રહેશે: વડાપ્રધાન મોદી




(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. આજે તેઓએ સાણંદમાં ભવ્ય રોડ શોમાં હજારો લોકોનું અભિવાદન ઝીલ્યા બાદ ૨૨ હજાર ૫૧૬ કરોડના ખર્ચે નિર્મિત માઈક્રોન સેમિકન્ડક્ટર ATMP સુવિધાનું ઉદ્ઘાટન કર્યું છે.

ત્યારે વડાપ્રધાન મોદીનો આ ગુજરાત પ્રવાસ સેમિકન્ડક્ટર ઉદ્યોગ ક્ષેત્રે હજારો લોકોને રોજગારી આપશે તથા વિશ્વ સ્તરે પણ આ પહેલ ગેમ ચેન્જર સાબિત થશે તેવું નિષ્ણાતોનું માનવું છે.

સાણંદમાં માઈક્રોન સેમિકન્ડક્ટરનું ઉદ્ઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજનો આ કાર્યક્રમ ભારત અને અમેરિકા વચ્ચેની અતૂટ ભાગીદારીનું જીવંત પ્રમાણ છે. વિશ્વના બે સૌથી મોટા લોકતંત્ર દેશો જ્યારે સાથે મળીને કામ કરે છે, ત્યારે તે વૈશ્વિક પરિવર્તનનું કારણ બને છે. ખાસ કરીને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને સેમિકન્ડક્ટર ચિપ નિર્માણના ક્ષેત્રમાં ભારત અને અમેરિકાની ભાગીદારી આગામી સમયમાં ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. AI સમિટમાં પણ આ બંને દેશોના સહિયારા પ્રયાસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત સૂચવે છે.

સાણંદ પ્રત્યે પોતાનો વિશેષ લગાવ વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાવુક થઈને કહ્યું કે, "સાણંદ એ એવી ધરતી છે જે માટીને પણ સોનું બનાવી દેવાની ક્ષમતા ધરાવે છે." તેમણે ઉમેર્યું કે, સાણંદ તેમનું કાર્યક્ષેત્ર રહ્યું છે અને તેમણે આ વિસ્તારને પોતાની નજર સામે બદલાતા જોયો છે. એક જમાનામાં જે નાનો ગણાતો એરિયા હતો, તે આજે વિકાસની હરણફાળ ભરીને એક મોટા આધુનિક શહેર બનવા તરફ વળ્યો છે. આ વિસ્તારનો વિકાસ એ ગુજરાતની પ્રગતિનું પ્રતીક છે.

સાણંદના ઓટોમોબાઈલ હબ બનવા પાછળની રોચક વાત વહેંચતા વડાપ્રધાને જણાવ્યું કે, આ પ્રગતિની શરૂઆત માત્ર એક રૂપિયાના મેસેજથી થઈ હતી. તેમણે રતન તાતાને સ્વાગતમ્‌નો મેસેજ મોકલીને ગુજરાતમાં આવવા નિમંત્રણ આપ્યું હતું. એક ગુજ્જૂ શું કરી શકે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ એક રૂપિયાના રોકાણે સાણંદનું ચિત્ર બદલી નાખ્યું અને ટૂંક સમયમાં જ મોટી ઓટોમોબાઈલ કંપનીઓ અહીં આવતા સાણંદ દેશનું મોટું ઓટોમોબાઈલ હબ બની ગયું.

વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું કે, સાણંદમાં મોટી કંપનીઓ આવવાને કારણે માત્ર સ્થાનિક ઉદ્યોગો મજબૂત નથી બન્યા, પરંતુ લાખો યુવાનોને રોજગારી પણ મળી છે. આજે સાણંદે વિશ્વના નકશા પર પોતાની અલગ ઓળખ ઊભી કરી છે. તેમણે આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, જે રીતે ઓટોમોબાઈલ ક્ષેત્રમાં સાણંદે કાઠું કાઢ્યું છે, તેવી જ રીતે આગામી સમયમાં સેમીકન્ડક્ટર સેક્ટરમાં પણ સાણંદ સફળતાનો નવો અધ્યાય લખશે અને દેશના આધુનિકીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

ગુજરાત સરકારની દીર્ઘદ્રષ્ટિની પ્રશંસા કરતા PM મોદીએ કહ્યું કે, રાજ્ય સરકારે પણ ગુજરાતમાં જે સેમિકન્ડક્ટર નીતિ બનાવી છે, તેના પરિણામો હવે જમીન પર દેખાઈ રહ્યા છે. લેન્ડ એલોટમેન્ટ (જમીન ફાળવણી)થી લઈને તમામ વહીવટી પ્રક્રિયાઓ એટલી સરળ અને પારદર્શક બની છે કે વૈશ્વિક રોકાણકારોનો ભારત પરનો ભરોસો અનેકગણો વધ્યો છે. સાણંદ અને ધોલેરા હવે પશ્ચિમ ભારતના સેમિકન્ડક્ટર ક્લસ્ટર તરીકે ઝડપથી વિકસિત થઈ રહ્યા છે, જે દેશની આર્થિક પ્રગતિમાં એન્જિન સમાન સાબિત થશે.

વડાપ્રધાને જણાવ્યું કે, માઈક્રોન કંપનીના ડી-રેમ (DRAM) અને નેટ સોલ્યુશન્સ આજે દુનિયાભરના ડેટા સેન્ટર, AI એપ્લિકેશન્સ, મોબાઈલ ડિવાઈસ અને એડવાન્સ કમ્પ્યુટિંગ સિસ્ટમને ઊર્જા પૂરી પાડે છે. અત્યાર સુધી જે ટેકનોલોજી માટે આપણે વિદેશ પર નિર્ભર હતા, તે હવે સાણંદની ધરતી પર બનશે. આ સફળતાની દુનિયાને પીએમ મોદીએ સમગ્ર વિશ્વમાં એક સ્પષ્ટ સંદેશ પહોંચાડી દીધો છે કે, ઈન્ડિયા ઈઝ કેપેબલ, ઈન્ડિયા ઈઝ કોમ્પિટિટિવ અને ઈન્ડિયા ઈઝ કમિટેડ. ભારત હવે માત્ર ગ્રાહક નથી, પણ વૈશ્વિક સપ્લાય ચેઈનનો એક મજબૂત હિસ્સો બની રહ્યું છે.

વધુમાં મોદીએ જણાવ્યું કે, સેમિકન્ડક્ટર સેક્ટરમાં જરૂરી એવા ઈનપુટ્સ, જેવા કે કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો પહેલેથી જ ગુજરાતમાં મજબૂત રીતે સ્થપાયેલા છે, જે આ નવા ઉદ્યોગને મોટું પીઠબળ પૂરું પાડે છે. આ ઉપરાંત, રાજ્યમાં કાર્યરત સ્કિલ સેન્ટર્સ અને ટ્રેનિંગ સેન્ટર્સ સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે પ્રગતિશીલ લોકોને તૈયાર કરી રહ્યા છે. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે, આ પરિવર્તન ભારતના યુવાનો માટે અવસરોનો એક નવો ગેટ ખોલી રહ્યું છે, જે તેમને વૈશ્વિક કક્ષાની રોજગારી અને નવીનતા તરફ દોરી જશે.

અંતમાં, દેશ-વિદેશના ભાગીદારો અને રોકાણકારોને ખાતરી આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "ભારત સરકાર અને તમામ રાજ્ય સરકારો તમારી સાથે ખભેખભા મિલાવીને ઊભી છે." તેમણે આ સમયગાળાને ભારતની પ્રગતિનો ટર્નિંગ પોઈન્ટ ગણાવ્યો હતો. વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવનારી પેઢીઓ ગૌરવ સાથે કહેશે કે આ એ દાયકો હતો જેમાં ભારતે વિકાસની ઐતિહાસિક છલાંગ લગાવીને વિકસિત રાષ્ટ્ર બનવા તરફ મજબૂત ડગલું માંડ્યું હતું.

માઈક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા સાણંદમાં રૂ.૨૨,૫૧૬ કરોડનું જંગી રોકાણ કરવામાં આવ્યું છે, જે ભારતીય ટેકનોલોજી ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે તેવું માનવામાં આવે છે. આ પ્લાન્ટમાં સોલિડ સ્ટેટ ડ્રાઈવ (SSD) જેવા સ્ટોરેજ ઉપકરણો તેમજ DRAM અને NAND પ્રકારના મેમરી ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે.

હાલમાં આ પ્લાન્ટમાં ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જે આગામી સમયમાં વધીને ૫૦૦૦ થશે. નોંધનીય છે કે, આ ટીમમાં દિવ્યાંગ નાગરિકોને પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે રોજગારી આપીને સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્લાન્ટમાં થતી કામગીરી ટેકનિકલ દ્રષ્ટિએ અત્યંત જટિલ અને મહત્વપૂર્ણ છે. સેમિકન્ડક્ટર ચિપ બનાવવાની પ્રક્રિયા રેતીમાંથી શુદ્ધ સિલિકોન અલગ કરવાથી શરૂ થાય છે, જેને ઓગાળીને સિલિન્ડર (ઈનગોટ) બનાવાય છે અને ત્યારબાદ તેના બારીક ટુકડા કરીને 'વેફર્સ' તૈયાર કરવામાં આવે છે. ફેબ્રિકેશન પ્લાન્ટમાં આ વેફર્સ પર ફોટોલિથોગ્રાફી દ્વારા ઈલેક્ટ્રિક પેટર્ન અને ટ્રાન્ઝિસ્ટર્સ કંડારીને મેમરી તૈયાર કરવામાં આવે છે.

ત્યારબાદ આ વેફર્સ સાણંદના ATMP પ્લાન્ટમાં પહોંચે છે, જ્યાં તેની એસેમ્બલી, સ્પીડ અને મેમરીનું સચોટ ટેસ્ટિંગ, માર્કિંગ અને અંતે પેકેજિંગ કરવામાં આવે છે. માઈક્રોનના CEO સંજય મેહરોત્રાના જણાવ્યા અનુસાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં ડેટા પ્રોસેસિંગ માટે અદ્યતન મેમરી અને સ્ટોરેજ અનિવાર્ય છે. સાણંદમાં બનતી આ ચિપ્સ વૈશ્વિક સ્તરે AI ટેક્નોલોજીની માગ પૂરી કરવામાં મદદરૂપ થશે.

### દુર્ઘટનામાં ૩૦ લોકો ઘાયલ થયા

# બોલિવિયામાં એરફોર્સનું હર્ક્યુલસ વિમાન રોડ પર ક્રેશ, ૧૫ના મોત

## ખરાબ હવામાનને કારણે ટેક-ઓફ અથવા લેન્ડિંગ દરમિયાન વિમાન રનવે પરથી લપસી ગયું હતું અને એરપોર્ટની બાઉન્ડ્રી તોડીને સીધું જાહેર રોડ પર આવી પડ્યું હતું



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બોલિવિયામાં વાયુસેનાનું એક હર્ક્યુલસ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા મોટી જાનહાનિના સમાચાર સામે આવ્યા છે. આ ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયા છે અને ૩૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.શુક્રવારે સાંજે અંદાજે ૬ વાગ્યાની આસપાસ (સ્થાનિક સમય મુજબ), બોલિવિયાની રાજધાની લા પાઝ પાસે આવેલા એલ અલ્ટો શહેરમાં વાયુસેનાનું હર્ક્યુલસ સી-૧૩૦ વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. અહેવાલો મુજબ, ખરાબ હવામાનને કારણે ટેક-ઓફ અથવા લેન્ડિંગ દરમિયાન વિમાન રનવે પરથી લપસી ગયું હતું અને એરપોર્ટની બાઉન્ડ્રી તોડીને સીધું જાહેર રોડ પર આવી પડ્યું હતું. રસ્તા પર ઉભેલા અનેક વાહનો સાથે વિમાન ટકરાતા ભારે નુકસાન થયું હતું.આ અકસ્માતની સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, આ વિમાન દેશના અન્ય ભાગોમાં નવી ચલણી નોટો (બેંક નોટ્સ) લઈ જઈ રહ્યું હતું. અકસ્માત બાદ વિમાનમાંથી આ નોટો રસ્તા પર ચારેબાજુ વિખરાઈ ગઈ હતી, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.દુર્ઘટનામાં ૩૦ લોકો ઘાયલ થયા છે, જેમાંથી કેટલાકની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે. સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે એલ અલ્ટો એરપોર્ટને કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવ્યું છે. જોકે, વિમાનમાં કુલ કેટલા લોકો સવાર હતા તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.

# USનો ક્રેઝ ઘટ્યો, ભારતીય વિદ્યાર્થીઓમાં ૪૫% ઘટાડો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાની યુનિવર્સિટીઓમાં ઓગસ્ટ ૨૦૨૫માં ભારતીય વિદ્યાર્થીઓના પ્રવેશમાં ૪૫ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ભારતીય ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ પ્રોગ્રામ્સ માટે આંતરરાષ્ટ્રીય અરજીઓમાં ૨૫ ટકાનો વધારો છે, જે વૈશ્વિક મેનેજમેન્ટ એજ્યુકેશનમાં એક નવા ટ્રેન્ડનો સંકેત આપે છે. ભારતીય પ્રોગ્રામો માટે આંતરરાષ્ટ્રીય અરજીઓમાં ૨૫ ટકાનો વધારો દર્શાવે છે કે મેનેજમેન્ટ અભ્યાસ માટે ભારત વૈશ્વિક હબ તરીકે ઊભરી રહ્યું છે, એમ ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલ (GMAC)ના તાજેતરના શ્વેતપત્રમાં જણાવાયું હતું. ડેટામાં જણાયું છે કે ઉચ્ચ અભ્યાસ માટે લાંબા સમયથી પ્રભુત્વ ધરાવતા નોર્થ અમેરિકા પ્રત્યે વિદ્યાર્થીઓના આકર્ષણમાં ઘટાડો થઈ રહ્યો છે, જ્યારે એશિયા અને યુરોપ ખંડ માટેના આકર્ષણમાં વધારો થઈ રહ્યો છે. આ નવા ટ્રેન્ડ માટે વિઝા નીતિઓ, ચલણના દબાણ અને પરવડે તેવા શિક્ષણની ચિંતા જેવા પરિબળો જવાબદાર છે. ય્છછઝના ૨૦૨૫ એપ્લિકેશન ટ્રેન્ડ સર્વેમાં જણાયું છે કે યુરોપ (યુકે સિવાય) અને એશિયામાં આંતરરાષ્ટ્રીય અરજીઓમાં વધારો થયો છે, જ્યારે કેનેડા, યુકે અને યુએસમાં ઘટાડો થયો છે. ૩૬૧ બિઝનેસ સ્કૂલોને આવરી લઈને કરાયેલા એક ટૂંકા સરવેમાં જણાયું છે કે ગયા વર્ષની તુલનાએ એશિયા પેસિફિક રિજનમાં ૫૪ ટકા પ્રોગ્રામમાં પાનખર-૨૦૨૫માં ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓના પ્રવેશમાં વધારો થયો છે, જ્યારે અમેરિકામાં બે તૃતીયાંશ સ્ટડી પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓના પ્રવેશમાં ઘટાડો નોંધાયો હતો. વિદ્યાર્થીઓના પ્રવેશ પછી સૌથી વધુ અસર કરતી બાબત વિઝાની અનિશ્ચિતતા છે.અમેરિકામાં લગભગ ૯૦ ટકા પ્રોગ્રામમાં ભારતને ટોચના દેશોમાં સ્થાન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ડિપોઝિટ પણ ચૂકવી હતી, પરંતુ આખરે અભ્યાસ કર્યો ન હતો. તેના મુખ્ય કારણોમાં વિઝામાં વિલંબ, ઈનકાર અથવા બહુવિધ ડિપોઝિટનો સમાવેશ થાય છે. ય્છછઝના પ્રોસ્પેક્ટિવ સ્ટુડન્ટ્સ સરવેમાં બહાર આવ્યું છે કે ૨૦૧૫માં ૫૭ ટકા ભાવિ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અમેરિકાને પસંદગી આપી હતી, જોકે ૨૦૨૯માં આ પ્રમાણ ઘટી ૪૨ ટકા થયું હતું. પશ્ચિમ યુરોપને ૬૩ ટકા વિદ્યાર્થીઓને પસંદગી આપી હતી.

# ભારતની સરહદો અભેદ્ય બનાવવા લદાખમાં દુનિયાની સૌથી ઊંચી ટનલ બનશે: સેનાને થશે મોટો ફાયદો

## જમ્મુ-કાશ્મીરમાં અનંતનાગને કિશ્તવાડ સાથે જોડવા માટે 'સિન્થન ટોપ' ટ્વિન ટનલનો પ્લાન અંતિમ તબક્કામાં છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ-કાશ્મીર

ભારત સરકાર હવે ચીન અને પાકિસ્તાન સાથેની સરહદોને વધુ સુરક્ષિત અને અભેદ્ય બનાવવા માટે વ્યૂહાત્મક ટનલનું મોટું જાળ બિછાવવા જઈ રહી છે. જમ્મુ-કાશ્મીરથી લઈને પૂર્વોત્તર રાજ્યો સુધી બનનારી આ ટનલ માત્ર સેનાની તાકાત જ નહીં વધારે, પરંતુ હિમાલયના દુર્ગમ વિસ્તારોમાં દરેક સિઝનમાં કનેક્ટિવિટી પણ પૂરી પાડશે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે આવી છ મોટી ટનલ પરિયોજનાઓના રિપોર્ટને ફાસ્ટ ટ્રેક પર લાવવા નિર્દેશ આપ્યા છે.આ પ્રોજેક્ટમાં સૌથી મહત્ત્વની બાબત લદ્દાખમાં બનનારી ૪.૧ કિલોમીટર લાંબી 'શિંકુ લા' ટનલ છે. ૧૫,૮૦૦ ફૂટની ઊંચાઈ પર બનનારી આ ટનલ વિશ્વની સૌથી ઊંચી ટનલ હશે. આ ટનલના નિર્માણથી લદ્દાખને નિમ્મુ-પદમ-દારચા માર્ગ દ્વારા ત્રીજો વૈકલ્પિક 'ઓલ-વેધર રૂટ' મળશે.

બોર્ડરથી સુરક્ષિત અંતરે હોવાને કારણે વ્યૂહાત્મક દ્રષ્ટિએ આ માર્ગ અત્યંત સંવેદનશીલ અને સુરક્ષિત માનવામાં આવે છે. આ વર્ષના મધ્ય સુધીમાં તેનું પ્રારંભિક કામ શરૂ કરવાનું લક્ષ્ય છે.અરુણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં બનનારી ટનલ ભારતીય સેના માટે 'ગેમ-ચેન્જર' સાબિત થશે. તેનાથી ભારે તોપખાના અને મિસાઈલ સિસ્ટમને સેટેલાઈટની નજરથી બચાવીને સીધી ન્છઝ(લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ) સુધી પહોંચાડી શકાશે. મણિપુરમાં મોરહે-થુઈબુલ ટનલ દક્ષિણ-પૂર્વ એશિયા સાથેના વેપારને નવી ગતિ આપશે.

આ ઉપરાંત, મંત્રાલય મહારાષ્ટ્ર અને કેરળમાં પણ મોટી ટનલનું નિર્માણ કરી રહ્યું છે. કેરળના વાયનાડ અને મલપ્પુરમ વચ્ચે પર્યાવરણને અનુકૂળ એવી 'ઈકો-સેન્સિટિવ' ટનલ બનાવવામાં આવશે, જેથી હાથીઓના કોરિડોરને કોઈ નુકસાન ન પહોંચે.જમ્મુ-કાશ્મીરમાં અનંતનાગને કિશ્તવાડ સાથે જોડવા માટે 'સિન્થન ટોપ' ટ્વિન ટનલનો પ્લાન અંતિમ તબક્કામાં છે. અંદાજે ૧૦-૧૨ કિલોમીટર લાંબી આ ટનલ શિયાળામાં ભારે હિમવર્ષા દરમિયાન પણ જમ્મુ અને કાશ્મીર ખીણ વચ્ચે સુરક્ષિત સંપર્ક જાળવી રાખશે.

હાલમાં શિયાળામાં સિન્થન ટોપ પાસ બંધ થઈ જતો હોવાથી આ ટનલ ત્યાંના લોકો અને સેના માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સરકારના આ આક્રમક અભિગમથી ભારતની રક્ષણાત્મક અને આર્થિક સ્થિતિ બંને મજબૂત થશે.




# તંત્રી લેખ......

## કોંગ્રેસ ગઠબંધન અંગે ચિંતિત નથી

શિવસેના (યુબીટી) ના મુખપત્ર "સામના" ના સંપાદકીય અને ભૂતપૂર્વ પીએમ મનમોહન સિંહના ભૂતપૂર્વ મીડિયા સલાહકાર સંજય બારુ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન મણિશંકર ઐયરની ટિપ્પણીઓએ પહેલાથી જ વિપક્ષી પાર્ટી મોરચા, INDIANમાં તિરાડો છતી કરી દીધી હતી. એઆઇ કોન્ફરન્સમાં યુવા કોંગ્રેસના અર્ધનગ્ન પ્રદર્શને કોંગ્રેસની દિશાહીનતા વધુ ખુલ્લી પાડી. કોંગ્રેસને દેશ પ્રત્યે કે વિપક્ષી એકતા પ્રત્યેની તેની જવાબદારીનો કોઈ ખ્યાલ નથી. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની સતત ત્રીજી નિરાશાજનક હાર છતાં, અન્ય વિપક્ષી પક્ષોએ રાહુલ ગાંધીને વિપક્ષના નેતા તરીકે સ્વીકારીને ઉદારતા દર્શાવી, પરંતુ કોંગ્રેસે ક્યારેય સંસદની અંદર અને બહાર અન્ય પક્ષોને સાથે રાખવાની પરિપક્વતા બતાવી નથી. રાહુલ ગાંધી અપેક્ષા રાખે છે કે અન્ય પક્ષો તેઓ જે પણ રણનીતિ નક્કી કરે તેનું વિશ્વાસપૂર્વક પાલન કરશે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીના લગભગ એક વર્ષ પહેલા ભાજપને હરાવવા માટે બે ડઝન વિપક્ષી પક્ષોને એક કરીને ઈન્ડિયાની રચના કરવામાં આવી હતી. બે સંપૂર્ણ બહુમતી મેળવ્યા પછી, ૨૪૦ બેઠકો પર ભાજપનો વિજય ગઠબંધન માટે સફળતા તરીકે જોવામાં આવ્યો હતો. જોકે, લોકસભા ચૂંટણીમાં ગઠબંધનના પક્ષમાં ખાસ પ્રગતિ જોવા મળી નથી. પક્ષો વચ્ચે વધતી જતી ખુલ્લી તિરાડો દર્શાવે છે કે તેમની મિત્રતા હોવા છતાં, પક્ષો વચ્ચે મતભેદો યથાવત છે.

સફળતાની વાત કરીએ તો, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીઓ જીતી હતી, પરંતુ કોંગ્રેસ ત્યાં હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. મહારાષ્ટ્ર, હરિયાણા, દિલ્હી અને બિહારમાં તેને હારનો સામનો કરવો પડ્યો. મહારાષ્ટ્ર અને બિહારમાં મળેલા પરાજયને શરમજનક ગણાવવો વધુ યોગ્ય રહેશે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓએ ગઠબંધનના સંબંધો સંપૂર્ણપણે તૂટી ગયા હોવાનું દર્શાવ્યું.

આ વર્ષે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, પરંતુ ઈન્ડિયામાં ગઠબંધન તરીકે કોઈ પણ પ્રવૃત્તિ તો દૂરની વાત, બહુ ઓછી પ્રવૃત્તિ થઈ છે. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જી SIR પર ચૂંટણી પંચ સાથે મતભેદમાં હોય તેવું લાગે છે. તમિલનાડુમાં, મુખ્યમંત્રી એમકે સ્ટાલિન અને તેમની પાર્ટી, DMK, ચૂંટણી પંચથી લઈને ભાજપ સુધી બધા સામે મોરચો ખોલી ચૂક્યા છે. બંગાળમાં, મમતા બેનર્જી એકલા માર્ગે છે. કોંગ્રેસ, જે ગઈ વખતે ડાબેરી મોરચા સાથે જોડાણ કરી હતી, તે હવે એકલા હાથે આગળ વધવા માંગે છે. કેરળમાં, મુખ્ય ચૂંટણી સ્પર્ધા શાસક ડાબેરી મોરચા અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફ વચ્ચે છે. તેથી, રાજ્યના રાજકારણમાં પરસ્પર સંકલન માટે કોઈ અવકાશ નથી, રાષ્ટ્રીય સ્તરે સમાન ગઠબંધનનો ભાગ હોવા છતાં,ઈન્ડિયાએ તમામ રાજકીય મુદ્દાઓ પર એક અવાજે બોલવું જોઈએ. તમિલનાડુમાં, ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે લાંબા સમયથી ગઠબંધન છે, પરંતુ ત્યાં પણ, તિરાડો એટલી હદે ઉભરી આવી છે કે મણિકમ ટાગોર અને પ્રવીણ ચક્રવર્તી જેવા બીજા સ્તરના કોંગ્રેસ નેતાઓ ડીએમકેને નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે ડીએમકે તેમની સામે કાર્યવાહીની માંગ કરી રહ્યું છે. ઘણી અટકળો પછી, ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે હવે સીટ વહેંચણીની વાટાઘાટો ચાલી રહી છે. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૭ માં યોજાવાની છે, પરંતુ ચાલી રહેલા એસઆઈઆરમાં કોંગ્રેસની ગેરહાજરી પણ સમાજવાદી પાર્ટી સાથેના તેના સંબંધોમાં તણાવનો સંકેત આપે છે. સામનાના તંત્રીલેખ, "આંતરિક અવાજોની મૂંઝવણ" માં, કોંગ્રેસ પક્ષને પૂછવામાં આવ્યું છેઃ મમતા બેનર્જી, સ્ટાલિન, અથવા કોઈ અન્ય. અનેક રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલાં ગઠબંધનને જાગવા અને સંવાદમાં જોડાવાની સલાહ આપતી વખતે, સંપાદકીયમાં મણિશંકર ઐયર, સંજય બારુ અને ભૂપેન બોરાની ટિપ્પણીઓને "આંતરિક અવાજોની મૂંઝવણ" તરીકે લેબલ કરવામાં આવી છે. બારુએ મમતા બેનર્જીને ઈન્ડિયનનું નેતૃત્વ આપવાનું સૂચન કર્યું છે, જ્યારે નેહરુ-ગાંધી પરિવારના નજીકના ગણાતા ઐયરને રાહુલ ગાંધીના નેતૃત્વ પર સવાલ ઉઠાવતા જોવામાં આવી રહ્યા છે. કેરળમાં, જ્યાં કોંગ્રેસ જીતવાની શક્યતા એકમાત્ર રાજ્ય છે, ઐયરે ડાબેરી મોરચા માટે સતત ત્રીજી જીતની આગાહી કરી છે અને મુખ્યમંત્રી વિજયનની પ્રશંસા કરી છે. તેઓ સ્ટાલિનને ઈન્ડિયનનું નેતૃત્વ કરવા માટે વધુ સારા ઉમેદવાર માને છે.

### વકીલો અને પક્ષકારોને થશે મોટો ફાયદો

## ગુજરાત હાઈકોર્ટમાં અત્યાધુનિક આર્બિટ્રેશન સેન્ટરનો શિલાન્યાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયિક પ્રક્રિયાને વધુ આધુનિક અને વેગવંતી બનાવવાના ઉમદા હેતુથી આજે (૨૮મી ફેબ્રુઆરી) મહત્ત્વપૂર્ણ સોપાન સર કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ જસ્ટિસ સૂર્યકાંત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટરના નવા અત્યાધુનિક ભવનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આર્બિટ્રેશન સેન્ટરના નવા લોગોનું અનાવરણ કરવાની સાથે જ કેન્દ્રની રિ-ડિઝાઈન કરાયેલી વેબસાઈટ અને ન્યૂઝલેટરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાઓ પક્ષકારોને ટેકનોલોજીના માધ્યમથી ન્યાયિક માર્ગદર્શન મેળવવામાં સરળતા પૂરી પાડશે. શિલાન્યાસ વિધિની સાથે જ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે 'ઈન્સ્ટિટ્યુશનલ આર્બિટ્રેશન એટ અ ક્રોસરોડ્સઃ ચેલેન્જીસ એન્ડ ધ વે ફોરવર્ડ' વિષય પર બે દિવસીય મહત્ત્વપૂર્ણ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. આ કાર્યક્રમ ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટર અને ગુજરાત રાજ્ય કાયદાકીય સેવા સત્તા મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. મુખ્ય અતિથિ સ્થાનેથી જસ્ટિસ સૂર્યકાંતે ભાર મૂકતા જણાવ્યું હતું કે, આપણે માત્ર કાગળ પરના નિયમોથી નહીં, પરંતુ પારદર્શક પ્રક્રિયા દ્વારા પક્ષકારોનો વિશ્વાસ જીતવો પડશે. ભારતે આર્બિટ્રેટર્સની ગુણવત્તા અને તાલીમમાં રોકાણ કરવું અનિવાર્ય છે જેથી આપણે વિશ્વ સ્તરના આર્બિટ્રેશન હબ બની શકીએ. નવી ડિજિટલ સુવિધાઓ ભારતની વિવાદ નિવારણ વ્યવસ્થાને વધુ સક્ષમ અને ભરોસાપાત્ર બનાવશે. કાર્યક્રમના યજમાન અને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે નિર્માણ પામનારા ભવનની વિશેષતાઓ જણાવતા કહ્યું કે, આ સેન્ટર સ્ટેટ-ઓફ-ધ-આર્ટ સુવિધાઓથી સજ્જ હશે, જેમાં આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબના કોન્ફરન્સ રૂમ, મીડિયેશન સેન્ટર અને આધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવાશે.

આ નવા ભવનના નિર્માણથી ગુજરાતમાં કાયદાકીય વિવાદોના ઝડપી અને અસરકારક નિકાલ માટે એક નવું પ્લેટફોર્મ તૈયાર થશે, જે કોર્ટ પરના કેસોનું ભારણ ઘટાડવામાં મદદરૂપ થશે.

### સમાજનું નેતૃત્વ સ્વીકારતા પહેલાં સમાજનો વિશ્વાસ સંપાદન કરો

## મજબૂત સામાજિક સંગઠન વિના સમાજ પ્રગતિ ન કરી શકે - ચંદ્રવદનભાઈ પીઠાવાલા

### સમાજના જરૂરિયાત લોકોને રાશન કાર્ડ, આધાર કાર્ડ, જાતિ ના દાખલાઓ શિક્ષણ સહેલાઈથી મળી રહે તે માટેના પ્રયાસ કરવા જોઈએ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સમસ્ત કોળી સમાજ ના લોકપ્રિય પીઢ ગાંધીવાદી આગેવાન માનનીય ચંદ્રવદનભાઈ પીઠાવાલા સાહેબ ની સુરત ખાતેની ઓફિસે વાલ્મિકી સમાજ ના આગેવાનો શ્યામભાઈ ટેનિયા મહામંત્રી, રવિકુમાર સુરતી મહામંત્રી અને ગાયક કલાકાર , મનીષભાઈ રજવાડી સંગીત કલાકાર, અશ્વિન બી. વૈષ્ણવ એડવોકેટ નોટરી, ચી વંશ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ અને સમાજ ના ગુજરાત ના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવે તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ શુભેચ્છા મુલાકાત લીધી. અને સમાજ ની પ્રગતિ માટે માર્ગદર્શન મેળવ્યું. પીઠાવાલા સાહેબે કોઈ પણ સમાજ ની પ્રગતિ માટે સમાજ ની એકતા અને મજબૂત સંગઠન જરૂરી હોવાનું જણાવ્યું. સમાજ માં રાજકારણ નહીં લાવવું જોઈએ.રાજકારણમાં સમાજ હોય શકે પરંતુ સમાજમાં રાજકારણ નહીં લાવવું જોઈએ.

સમાજમાં શિક્ષણ નું સ્તર ઊંચું આવે અને સમાજ આર્થિક રીતે સધ્ધર થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. સમાજ ના જરૂરિયાત લોકોને રાશન કાર્ડ, આધાર કાર્ડ, જાતિ ના દાખલાઓ શિક્ષણ સહેલાઈ થી મળી રહે તે માટેના પ્રયાસ કરવા જોઈએ. સમાજ માં સારી પ્રતિષ્ઠા અને સમાજ નો વિશ્વાસ ધરાવતા લોકોએ સમાજ નું નેતૃત્વ સ્વીકારવું જોઈએ. વાલ્મિકી સમાજ ના ઉત્થાન ની સલાહ સૂચન થી આગેવાનો ખૂબ પ્રભાવિત થયા હતાં સમાજ ના આગેવાનોએ પુષ્પગુચ્છથી પીઠાવાલા સાહેબ પ્રત્યે આભાર ની લાગણી વ્યક્ત કરી હતી.





## રાજકીય લડાઈઓમા ED,CBI, IT જેવી તપાસ એજન્સીઓનો હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ :- સુપ્રીમ કોર્ટે આપી ચેતવણી

### રાજકીય લડાઈઓ મતદારોની સામે લડોને? શા માટે તપાસ કરનારી સરકારી એજન્સીઓને હાથો બનાવો છો? ED, CBI ની કામગીરીથી સુપ્રીમ નારાજ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સરકારની તપાસ એજન્સીઓમાની એક એજન્સી એટલે કે CBI, ED પાસે મની લોન્ડરીંગ જેવા આર્થિક ગુનાઓની તપાસ કરવાની સત્તા છે. એવા સરકારના અમુક ખાતઓ કે તપાસ એજન્સીઓએ સરકાર જ નહીં પરંતુ દેશ કે રાજય માટે પ્રતિષ્ઠા સમાન હોય છે. જેમ કે સીબીઆઇ, ED કે ચૂંટણી પંચ વગેરે જેવા સંસ્થાઓનો ભૂતકાળમાં એક અલગ રુઆબ હતો. એક વિશિષ્ટ પ્રતિષ્ઠા હતી. પરંતુ હવે આવી સંસ્થાઓ જે રીતે પક્ષપાતી વલણ અપનાવીને સરકારના ઈશારે કામ કરી રહી છે તેનાથી આવી સંસ્થાઓની આબરૂ ના પ્રજામાં ધજાગરા ઉડવા સાથે ધૂળધાણી થઈ ગઈ છે. અહીં નોંધવું જરૂરી છે કે એક કેસની સુનાવણી દરમ્યાન મદ્રાસ હાઈકોર્ટે કડક ટિપ્પણી કરી હતી કે ED કોઈ "ડ્રોન" નથી જે ગુનાહિત પ્રવૃત્તિ શોધી કાઢતાંની સાથે જ હુમલો કરી દે છે. અદાલતે એમ પણ કહ્યું હતું કે તપાસ એજન્સી એક અત્યંત કાર્યક્ષમ પોલીસ અધિકારી (સુપર કોપ) જેવી પણ નથી કે તેના ધ્યાનમાં આવતી દરેક વસ્તુની તપાસ કરે છે. દરેક તપાસ એજન્સીની કામગીરીમાં કેટલીક ખામીઓ હોય છે. પરંતુ જ્યારે તેની સામે ઘણા બધા પ્રશ્નો ઊભા થવા લાગે છે ત્યારે તે પ્રતિષ્ઠા પર ડાઘ લાગવા સમાન છે. અત્રે ઉલ્લેખનિય છે કે, કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારમૈયાની પત્ની સાથે સંબંધિત પ્લોટ ફાળવણી કેસમાં સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી છે કે રાજકીય લડાઈઓ મતદારોની સાથે લડવી જોઈએ. આમાં ED જેવી તપાસ એજન્સીઓનો હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ. સ્વાભાવિક છે કે , સતત ઊભા થઈ રહેલા સવાલો વચ્ચે ED એ તેના કાર્યમાં પારદર્શિતા અને નિષ્પક્ષતાના ધોરણો સુનિશ્ચિત કરીને રાજકીય દબાણથી મુકત થઈને કામ કરવું જોઈએ. જેથી તેની વિશ્વસનીયતા ખરડાય નહીં. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે શું ઈડી(ED) રાજકીય દબાણથી મુકત થઈ ને કામ કરવાની હિંમત બતાવશે ખરી? આથી એ સાબિત થાય છે કે દેશમાં વિપક્ષોનો અવાજ દબાવવા સરકારની તપાસ એજન્સીઓના થઈ રહેલા દૂરુપયોગની વિપક્ષોની કાગારોળ સાચી છે. અને એનો તાજો દાખલો છે કેજરીવાલ અને મનોજ સિસોડિયાના કેસમાં આવેલો ચુકાદો.

## ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલમાં અધિકારીઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું સફળ આયોજન

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ સ્થિત મંડળ રેલવે હોસ્પિટલ (DRH), ભાવનગર દ્વારા તારીખ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ (શનિવાર)ના રોજ હોસ્પિટલ પરિસરમાં મંડળના અધિકારીઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ અધિકારીઓમાં નિવારક આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવો, જીવનશૈલી સંબંધિત રોગોની સમયસર ઓળખ કરવી તેમજ નિયમિત તબીબી સલાહ દ્વારા તેમના સર્વાંગી આરોગ્ય અને કાર્યક્ષમતાને મજબૂત બનાવવાનો હતો. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ આજની વ્યસ્ત અને તણાવસભર જીવનશૈલી, અનિયમિત દૈનિક ક્રમ તેમજ કાર્યસ્થળના દબાણને કારણે ઉચ્ચ રક્તચાપ, ડાયાબિટીસ, હૃદયરોગ અને સ્થૂલતા જેવી જીવનશૈલી સંબંધિત બીમારીઓનું જોખમ સતત વધી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં આ પ્રકારની આરોગ્ય તપાસ શિબિરો સંભવિત રોગોની પ્રાથમિક ઓળખ તથા સમયસર સારવાર સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિબિર દરમિયાન અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત અન્ય અધિકારીઓને વિવિધ આરોગ્ય સેવાઓ આપવામાં આવી હતી, જેમાં બ્લડ પ્રેશર (બીપી) તપાસ, આવશ્યક બ્લડ ટેસ્ટ, BMI અને વજનનું મૂલ્યાંકન, સામાન્ય તબીબી પરામર્શ તેમજ નિવારક આરોગ્ય અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ ઉત્સાહપૂર્વક શિબિરમાં ભાગ લીધો અને મેડિકલ વિભાગની આ પ્રશંસનીય પહેલની સરાહના કરી. શિબિરનું સંચાલન મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગરના મંડળ તબીબી અધિકારી તથા એમ.ડી. ફિઝિશિયન ડૉ. પ્રતીક વોરાના તબીબી માર્ગદર્શન હેઠળ તેમની સમર્પિત તબીબી ટીમ દ્વારા સુવ્યવસ્થિત અને કાર્યક્ષમતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારના સર્વાંગી માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યો હતો, જેમના નેતૃત્વ અને સહકારથી શિબિરનું સફળ અમલીકરણ શક્ય બન્યું હતું. સાથે જ એ.એન.ઓ., ભાવનગર દ્વારા સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંકલન અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલ પ્રશાસને ભવિષ્યમાં પણ આ પ્રકારના આરોગ્ય જાગૃતિ અને નિવારક તબીબી કાર્યક્રમોનું આયોજન ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જેથી અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્ય અને કલ્યાણને સતત પ્રોત્સાહન મળી શકે.







### માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલનો વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

## અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિઃ સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ

માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલનો વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે માહિતી કમિશનર શ્રી કે.એલ.બચાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નિવૃત્ત થઈ રહેલા શ્રી અરવિંદ પટેલની સેવાઓને બિરદાવતા માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેએ જણાવ્યું હતું કે, શ્રી અરવિંદ પટેલ અત્યંત કર્મઠ,બુદ્ધિશાળી અને ધૈર્યવાન વ્યક્તિત્વ છે. મીડિયા અને જનસંપર્ક જેવા પડકારજનક ક્ષેત્રમાં તેમણે અત્યંત સૂઝબૂઝથી કાર્ય કર્યું છે.અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિએ સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ રહ્યો છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માહિતી વિભાગએ સરકારની કામગીરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડતું અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ વિભાગ છે. મર્યાદિત સંશાધનો અને સતત મીડિયાના સંપર્ક વચ્ચે સરકારનું સંકલન કરવાની તેમની પદ્ધતિ ખરેખર પ્રશંસનીય છે.માહિતી કમિશનર શ્રી કે.એલ. બચાણીએ નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે, જ્યારે પણ મીડિયા મેનેજમેન્ટ કે વહીવટી પ્રક્રિયાઓમાં જટિલ સ્થિતિ સર્જાતી હોય છે,એવા સમયે શ્રી અરવિંદ પટેલની સમયસૂચકતા અને ત્વરિત નિર્ણયશક્તિ હંમેશા માહિતી વિભાગના વહારે આવી છે. ૨૪ કલાક ફરજ માટેની તેમની તત્પરતા એ માહિતી ખાતાની કામગીરીને ગૌરવ અપાવ્યું છે. તેમની કાર્યસંસ્કૃતિ નવા અધિકારીઓ માટે દીવાદાંડી સમાન બની રહેશે તેવો કમિશનરશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના અધિક જનસંપર્ક અધિકારી શ્રી વિવેક ત્રિવેદીએ શ્રી અરવિંદ પટેલના સાથેના અનુભવો વાગોળતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી કે મુખ્યમંત્રીશ્રીના મોટા કાર્યક્રમોમાં જ્યારે મીડિયા પ્લાનિંગના જટિલ પ્રશ્નો ઉભા થતા, ત્યારે શ્રી પટેલનું શાંત રહીને સચોટ સમાધાન લાવવાનું કૌશલ્ય 'ક્રાઈસિસ મેનેજમેન્ટ'નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ સમારંભમાં સંયુક્ત માહિતી નિયામક શ્રી સંજય કચોટે સૌને આવકારી પોતાના અનુભવો તાજા કર્યા હતા અને ચારેય ઝોનના સંયુકત નિયામક સવશ્રી મિતેશ મોડાસિયા, જયેશ દવે, અરવિંદ મછાર, હેતલ દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં પટેલ સર સાથેના એમની કામગીરીના અનુભવોનું ભાથું પીરસીને નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ આપી હતી. જ્યારે સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી દિલીપ ગજ્જરે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે શ્રી પટેલ સાહેબના પરિવારજનો, માહિતી કમિશનરની કચેરી સહિત વિવિધ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પટેલ સાહેબને સુખમય નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રિન્સ ચાવલા







## બ્યુટી પાર્લરમાં ધાર્મિક વિધિના બહાને છેતરપિંડી કરતી બે મહિલાઓ ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નરોડા પોલીસે બ્યુટી પાર્લર ચલાવતા વેપારીઓ અને ગ્રાહકોને નિશાન બનાવી, ધાર્મિક વિધિના બહાને સોના-ચાંદીના દાગીના પડાવી લેતી બે મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસે આ મામલે છેતરપિંડીનો મુદ્દામાલ ખરીદનાર વેપારી સહિત કુલ ત્રણ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ મહિલાઓ અત્યંત શાતિર રીતે છેતરપિંડી કરતી હતી. મહિલાઓ ગ્રાહક બનીને બ્યુટી પાર્લરમાં જતી હતી. સર્વિસ લેતી વખતે એક મહિલા રડવાનું નાટક કરી સામેવાળી વ્યક્તિની સહાનુભૂતિ મેળવતી. બીજી મહિલા દાવો કરતી કે તેની માતા પાસે એવી શક્તિ છે જે કોઈપણ દુર્ભાગ્ય કે દુઃખ દૂર કરી શકે છે. વિધિ કરવાના બહાને બંને પીડિતાને રોકડ અથવા દાગીના લાવવા સમજાવતી અને નજર ચૂકવીને તે લઈને ફરાર થઈ જતી હતી.

ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન નરોડા પોલીસને મળેલા ચોક્કસ ઈનપુટ્સના આધારે શંકાસ્પદોને ધરપકડ કરાઈ છે. આરોપીની ઓળખ ગાંધીનગર જિલ્લાના દહેગામ રોડ પર આવેલા બહિયાલ ગામની રહેવાસી ૪૦ વર્ષીય મીનાબેન ઉર્ફે ટીના અને ખેડા જિલ્લાના દાણાદરા ગામની રહેવાસી ૪૦ વર્ષીય રૂપલબેન તરીકે થઈ છે.

પૂછપરછ દરમિયાન બંનેએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

## ચોરવાડ નજીક જંગલમાં આગ લાગતાં ૧૦૦ જેટલાં સરૂનાં વૃક્ષને નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)ચોરવાડ

ચોરવાડના ત્રિવેણી નજીક આવેલા જંગલ વિસ્તારમાં આજે બપોરે આગ ભભૂકી હતી. જેમાં ૧૦૦ જેટલા શરૂના વૃક્ષમાં નુકસાન થયું હતું. આ અંગે જાણ થતા ચોરવાડ અને વેરાવળના ફાયર ફાઈટરે આવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ આગ અકસ્માતે નહી પરંતુ લાકડા માટે લગાડવામાં આવી હોવાની આશંકા છે. આ અંગે તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં એવી માંગ ઉઠી છે. ચોરવાડના ત્રિવેણી ઘાટ નજીક નાગાગુરૂ મંદિર આવેલું છે. આ મંદિરની પાછળના વિસ્તારમાં મોટી સંખ્યામાં શરૂનું જંગલ છે. આજે બપોરે આ સ્થળની નજીક સ્મશાને ગયેલા ડાઘુઓના ધ્યાનમાં આ જંગલમાં આગ લાગી હોવાનું ધ્યાને આવેલ હતું. ધીમે-ધીમે આગ પ્રસરી રહી હતી. આગના લીધે ૧૦૦ જેટલા શરૂના વૃક્ષની ડાળીઓ તેમજ થડમાં નુકસાન થયું હતું. આગને બુઝાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેમાં સફળતા મળી ન હતી. આથી ચોરવાડ અને વેરાવળ નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૪૮૯૦ અને ચાંદીના વાયદામાં રૂ.૧૮૨૭૬નો ઉછાળોઃ ક્રૂડ તેલમાં રૂ.૫નો સીમિત ઘટાડો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૮૮૨૦.૭૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૧૮૪૮૭૩.૭૩ કરોડનું સાપ્તાહિક ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૬૨૩૪.૭૬ કરોડનાં સાપ્તાહિક કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૪૮૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૦થી ૨૬ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૪૬૩૭૧૬.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૮૮૨૦.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૧૮૪૮૭૩.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૪૮૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૧૦૫.૫૮ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૬૨૩૪.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૧૦૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૧૭૨૯ અને નીચામાં રૂ.૧૫૪૮૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૮૧૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૮૯૦ના ઉછાળા સાથે રૂ.૧૫૯૭૦૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૯૧૭ની તેજી સાથે રૂ.૧૩૦૦૫૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૪૦ વધી રૂ.૧૬૩૯૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૮૦ની વૃદ્ધિ સાથે રૂ.૧૫૭૫૮૮ થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૨૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૨૯૯૯ અને નીચામાં રૂ.૧૫૭૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૯૩૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૪૫૯ના ઉછાળા સાથે રૂ.૧૬૦૩૯૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૪૩૮૭૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૭૦૫૦૦ અને નીચામાં રૂ.૨૪૧૨૪૫ના સ્તરને સ્પર્શી, રૂ.૨૪૧૩૯૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૮૨૭૬ની તેજી સાથે રૂ.૨૫૯૬૬૯ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૨૪૯ ઊછળી રૂ.૨૭૧૫૬૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૦૦૩૩ ઊછળી સપ્તાહના અંતે રૂ.૨૭૧૫૯૦ થયો હતો.




બિનલોહ ધાતુઓમાં રૂ.૩૫૦૯૮.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૨૦.૨૫ વધી રૂ.૧૨૦૭.૩ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૨.૭ વધી રૂ.૩૨૬.૯૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો સપ્તાહના અંતે રૂ.૧.૦૫ વધી રૂ.૩૧૨.૧ના ભાવે બોલાયો હતો. સીસું માર્ચ વાયદો ૫૫ પૈસા વધી સપ્તાહના અંતે રૂ.૧૮૯.૪૫ના ભાવે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૭૪૦૮.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૦૯૨ અને નીચામાં રૂ.૩૬૪૧ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૩૧૬ વધી રૂ.૪૦૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૬૦૭૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧૩૪ અને નીચામાં રૂ.૫૮૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦૫૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૫ ઘટી રૂ.૬૦૫૩ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૭ ઘટી સપ્તાહના અંતે રૂ.૬૦૫૩ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૧૪.૩ ઘટી રૂ.૨૫૭.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧૪.૨ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૫૭.૨ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૬૮.૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૪.૧ ઘટી રૂ.૯૫૬.૨ થયો હતો. એલચી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૩૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૬ ઘટી રૂ.૨૫૨૪ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૭૪૦૩.૨૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯૮૮૩૧.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૯૯૩૪.૯૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૩૯.૯૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૯.૦૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૭૪.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૬૮.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૪૫૭.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૭૮૨.૮૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૩.૦૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૭૭૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૨૨૩૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૫૨૮૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૧૯૧૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૯૫૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૩૩૬૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૩૪૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૪૪૫૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૩૬૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૭૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૪૭૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૯૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૪૦૨૭૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૨૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૫૨૮ પોઈન્ટ વધી ૩૯૪૮૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

# વડોદરા મેડીકલ કોલેજમાં ભારે રોષ : વાઈસ ડીન પ્રો.અમોલ ભાવે વિરૂધ્ધ આંદોલનના સુર

## પ્રો.અમોલ ભાવે એ વિદ્યાર્થીનીઓ સાથે ખરાબ વર્તન કર્યો હોવાનો આક્ષેપઃ વાયવા દરમિયાન ખરાબ વર્તન કર્યુ હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડોદરા સ્થિત પ્રખ્યાત મેડીકલ કોલેજ હાલ વિવાદના કેન્દ્રમાં છે. કોલેજના વાઈસ ડીન પ્રોફેસર અમોલ ભાવે સામે વિદ્યાર્થીનીઓ સાથે ગેરવર્તણુંક કરવાના ગંભીર આક્ષેપો ઉઠયા છે. આ મામલે ન્યાયની માંગ સાથે મેડીકલ કેમ્પસમાં તણાવભર્યો માહોલ જોવા મળ્યો હતો.

મળતી માહિતી મુજબ મેડીકલ કોલેજમાં આયોજીત વાયવા એટલે કે મૌખિક પરીક્ષા દરમિયાન પ્રોફેસર અમોલ ભાવે એ વિદ્યાર્થીનીઓ સાથે અત્યંત અશોભનીય અને ખરાબ વર્તન કર્યુ હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીનીઓનુ કહેવુ છે કે શૈક્ષણિક વાતાવરણમાં આ પ્રકારનુ વર્તન માનસિક રીતે હેરાન કરનારૂ છે. આ ઘટનાની જાણ થતા જ અખીલ ભારતીય




વિદ્યાર્થી પરીષદ (એબીવીપી) ના કાર્યકરો મોટી સંખ્યામાં આજે શનિવારે વિદ્યાર્થીનીઓના સમર્થનમાં કોલેજ કેમ્પસમાં ઉમટી પડયા હતા. કોલેજ કેમ્પસમાં સુત્રોચ્ચાર સાથે ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવ્યુ હતું. એબીવીપી ના હોદ્દેદારોનુ કહેવુ છે કે આવી ઘટનાઓ મેડીકલ જેવા પવિત્ર વ્યવસાય અને શિક્ષણ સંસ્થાની ગરીમાને ઠેસ પહોચાડે છે. સૌથી વધુ આક્રોશ એ વાત નો છે કે આ ઘટનાને ૧૫ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં સત્તાધીશો દ્વારા પ્રોફેસર વિરૂધ્ધ કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી. અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદ (એબીવીપી) ના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે આટલા ગંભીર આક્ષેપો છતાં પ્રોફેસર અમોલ ભાવે હજુ પણ પોતાની નોકરી ચાલુ રાખી રહ્યા છે. જે તપાસની નિષ્પક્ષતા સામે સવાલો ઉભા કરે છે. આંદોલનકારીઓની મુખ્ય માંગ છે કે આ મામલે તાત્કાલીક ધોરણે તટસ્થ તપાસ કરવામાં આવે, જયાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રોફેસરને ફરજ મુકત કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી હતી. જો આગામી દિવસોમાં યોગ્ય પગલા લેવામાં નહી આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશન પુનર્વિકાસ કાર્યોની સમીક્ષા

માનનીય રેલ, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવએ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને કાર્યોની ગુણવત્તા અને સમયબદ્ધતા સુનિશ્ચિત કરવાના સૂચનો આપ્યા.





ભારતીય રેલ દેશભરમાં ૧૩૦૦થી વધુ સ્ટેશનોના સુધારણા અને આધુનિકીકરણના કાર્ય કરી રહી છે, જેમાં અમદાવાદ સ્ટેશન એક મુખ્ય પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ હેઠળ ત્રણ નવા પ્લેટફોર્મ જોડવામાં આવશે, જેના કારણે ટ્રેનોના સંચાલનની ક્ષમતામાં વૃદ્ધિ થશે. સ્ટેશનને કાલુપુર અને સરસપુર બન્ને તરફથી આધુનિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

સમીક્ષા દરમિયાન પ્રસ્તુત પ્રગતિ વિગત મુજબ, એમએમટીએચ (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) ભવનના દક્ષિણ દિશાના નીચેના ભાગનું ૫૮.૨% કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે ઉપરના ભાગનું ૨૪.૦% કાર્ય પ્રગતિ પર છે. એમએમટીએચ ભવનની ૭મી અને ૮મી મંજિલ પર નિર્માણ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે. પાર્સલ ભવન T–૬નું ૯૯.૦% કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. એલિવેટેડ રોડ પ્રોજેક્ટનું ૬૭.૩% કાર્ય પૂર્ણ છે અને પિયર સંખ્યા P-૧ થી P-૪૧ સુધીના તમામ નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યા છે. સ્ટેશન ભવન (કૉંકોર્સ અને મેઝેનાઈન/રૂફ ની સંરચના)નું ૨૦.૮% કાર્ય પૂર્ણ છે અને કૉંકોર્સ સંરચના માટેની એરેક્શન પ્રક્રિયા પ્રગતિ પર છે.

પરિસરને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં પર્યાપ્ત પાર્કિંગ, એલિવેટેડ રોડ સિસ્ટમ, સુસજ્જ પ્લાઝા, વિસ્તૃત કૉંકોર્સ અને આધુનિક યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ હશે. વારસાગત સંરચનાઓ—'ઈંટ મીનાર' અને 'ઝૂલતા મીનાર'—નું સંરક્ષણ પણ પ્રોજેક્ટનો અભિન્ન ભાગ છે. લગભગ ૧૫ એકર વિસ્તારમાં કૉંકોર્સ પ્લાઝા અને ૭ એકર વિસ્તારમાં મેઝેનાઈન પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યા છે, જ્યાં આધુનિક વેઈટિંગ એરિયા, સ્વચ્છ શૌચાલય, ફૂડ કોર્ટ અને વ્યાવસાયિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. સ્ટેશનને હરિત ભવન તરીકે વિકસાવતા વખતે ઊર્જા કાર્યક્ષમતા, પાણી સંરક્ષણ અને નવિનીકૃત ઊર્જાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અદ્યતન મોનિટરિંગ સિસ્ટમ, સ્વચાલિત પાર્સલ મેનેજમેન્ટ અને દિવ્યાંગજ અનુકૂળ સુવિધાઓ પણ પ્રોજેક્ટનો મુખ્ય ભાગ છે.

પ્રમુખ નિર્માણ પ્રવૃત્તિઓની વર્તમાન સ્થિતિઃ

સંરચનાત્મક સ્ટીલ ફેબ્રિકેશન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલ સુધી લગભગ ૭૦% પૂર્ણ.

- સંરચનાત્મક એરેક્શન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલનું એરેક્શન કાર્ય પ્રગતિ પર.

ડેક સ્લેબ કાસ્ટિંગ ચોથી મંજિલ સુધી પૂર્ણ; પાંચમી મંજિલની સ્લેબ કાસ્ટિંગ લગભગ ૫૦% પૂર્ણ.

પાંચમી મંજિલ પર કૉલમ એંકરિંગ કાર્ય પ્રગતિ પર.

બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં બ્લોક વર્ક અને પ્લાસ્ટર લગભગ ૮૫% પૂર્ણ; પ્રથમ માળ પર બ્લોક વર્ક પ્રગતિ પર.

પ્લેટફોર્મ સંખ્યા ૧૦ અને લાઈન સંખ્યા ૧૬ પર પ્લેટફોર્મ રીસર્ફેસિંગ, એમઈપીએફ (મેકેનિકલ, ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ફાયર ફાઈટીંગ) તેમજ બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ.

પ્લેટફોર્મ સંખ્યા ૯ અને લાઈન સંખ્યા ૧૫ પર બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ; પ્લેટફોર્મ રીસર્ફેસિંગ કાર્ય પ્રગતિ પર.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આધુનિક રેલવે અવસંરચના અને સંરક્ષિત વારસાગતના સંતુલિત સંયોજનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ થશે.

### સોલાર પમ્પ બાદ પરંપરાગત વીજ કનેક્શન ન આપતાં ખેડૂતો મુશ્કેલીમાંઃ ગોપાલ ઈટાલિયા

# વિધાનસભામાં ખેડૂતોના હકો માટે ગોપાલ ઈટાલિયાએ સરકારને કહ્યું : ૮-૧૦ વર્ષથી વીજ કનેક્શન વિના ખેડૂતો ત્રસ્ત

### તલાટી-કમ-મંત્રીઓની ગેરહાજરીથી ગ્રામજનો પરેશાન, જ્યારે સરકાર કહે છે એક પણ ફરિયાદ નથી': ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/ગાંધીનગર

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬નો દિવસ ગુજરાતના અને ખાસ કરીને જુનાગઢ તથા અમરેલી જિલ્લાના ખેડૂતો માટે મહત્વપૂર્ણ રહ્યો. તેમણે ઉર્જા મંત્રીને પ્રશ્ન પૂછ્યો હતો. ઘણા વર્ષો પહેલાં સરકારે ખેડૂતોને સબસિડીવાળા ઓફ-ગ્રિડ સોલાર પમ્પ ઈન્સ્ટોલેશન આપ્યા હતા. તે વખતે ગુજરાત સરકારે મોટી જાહેરાતો કરી હતી કે સબસિડીવાળો સોલાર પમ્પ આપવાથી ખેડૂતોને ખેતીવાડીનું પરંપરાગત વીજ કનેક્શન લેવાની જરૂર નહીં રહે અને સૂર્ય ઊર્જાથી પમ્પ ચલાવી સિંચાઈ કરી શકાશે. તે સમયે એવો નિયમ પણ હતો કે સોલાર પમ્પ લીધા બાદ પાંચ વર્ષ પૂર્ણ થાય ત્યારબાદ ખેડૂતોને પરંપરાગત ખેતીવાડી વીજ કનેક્શન આપવામાં આવશે. પરંતુ હકીકતમાં જુનાગઢ અને અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં અનેક ખેડૂતોને પાંચ નહીં, દસ-દસ, બાર-બાર અને આઠ-આઠ વર્ષ વીતી ગયા હોવા છતાં પરંપરાગત વીજ કનેક્શન આપવામાં આવતું નથી. ખેડૂતો ખેતીવાડીની સર્વિસ લેવા માંગે છે, છતાં સરકાર કાગળિયાં પર કાગળિયાં, ધક્કા પર ધક્કા અને નોટિસ પર નોટિસ આપીને વીજ કનેક્શન આપ્યું નથી. અમરેલી જિલ્લામાં પણ સ્થિતિ ગંભીર છે. ખેડૂતો હેલિકોપ્ટર, ચાર્ટર પ્લેન કે રાજ્યસભાની ટિકિટ માંગતા નથી; તેઓ માત્ર પોતાના ખેતરમાં સબમર્સિબલ મોટર ચલાવવા માટે એક વીજ મીટર અને લાઈટનું કનેક્શન માંગે છે.

આ ઉપરાંત ગયા વર્ષે બજેટમાં મંજૂર કરેલી રકમ કરતાં વધુ ખર્ચ થવાથી વધારાની રકમ મંજૂર કરવાની માંગણી મૂકાઈ હતી. તેમણે જણાવ્યું કે વ્યાજ રિબેટ સમયસર ન મળવાને કારણે ખેડૂતોને વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે ધિરાણ લેવું પડે છે. બેંકો સમયસર પ્રસ્તાવ મોકલતી નથી, જેના કારણે રિબેટમાં વિલંબ થાય છે. વિધાનસભામાં નાણામંત્રીએ જવાબ આપ્યો કે જુનાગઢ જિલ્લામાં ૨૦૨૩-૨૪નું રિબેટ હજુ પ્રક્રિયામાં છે અને ૨૦૨૪-૨૫ તથા ૨૦૨૫-૨૬નું પણ બાકી છે. સરકાર દ્વારા ખેડૂતોને રિબેટ ચુકવવા માટે વધારાના રૂા.૧૨૨ લાખ મંજૂર કરવાની માંગણી કરવામાં આવી હતી, પરંતુ ગોપાલ ઈટાલિયાએ તેનો વિરોધ કર્યો અને જણાવ્યું કે સમયસર ૩% અને ૪% રિબેટ ન મળવાથી ખેડૂતો વ્યાજના ચક્રમાં ફસાઈ જાય છે. બેંકમાંથી લોન સમયસર ભરવી પડે છે, એક દિવસ મોડું થાય તો દંડ લાગે છે, તો પછી સમયસર લોન ભરનાર ખેડૂતને સમયસર રિબેટ કેમ મળતું નથી તે પ્રશ્ન તેમણે ઉઠાવ્યો.

તેમણે પંચાયત વિભાગને તલાટી-કમ-મંત્રીઓની ગેરહાજરી મુદ્દે પણ પ્રશ્ન કર્યો. નિયમ મુજબ તલાટી-કમ-મંત્રીએ ગામ પંચાયત કચેરીમાં જ રહેવું ફરજિયાત છે, કારણ કે તે નિવાસસ્થાન અને કચેરી બંને હોય છે. છતાં સમગ્ર ગુજરાતમાં મોટા ભાગે તલાટી-કમ-મંત્રીઓ ગામમાં રહેતા નથી. પરિણામે જન્મ દાખલો, મૃત્યુ દાખલો, લગ્ન દાખલો, ડોમિસાઈલ સર્ટિફિકેટ, પંચાયત વેરો અને વિવિધ સરકારી યોજનાઓ માટે ગ્રામજનોને ભારે મુશ્કેલીઓ પડે છે. તેમણે પૂછ્યું કે તલાટી-કમ-મંત્રીઓની ગેરહાજરી અંગે સરકારને કેટલી ફરિયાદો મળી છે, તો પંચાયત મંત્રીએ જવાબ આપ્યો કે એક પણ ફરિયાદ નોંધાઈ નથી. ગોપાલ ઈટાલિયાએ આ જવાબને વાસ્તવિકતાથી વિપરીત ગણાવ્યો અને જણાવ્યું કે ગામડાઓમાં લોકો વારંવાર ફરિયાદ કરે છે, પરંતુ સરકાર સાંભળવા તૈયાર નથી.

# શહેરાના જંગલમાં ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)શહેરા

પંચમહાલના શહેરા તાલુકાના જંગલ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કોઈ મહિલાએ પોતાના નવજાત શિશુને જંગલના નિર્જન વિસ્તારમાં ત્યજી દીધું હતું. જેમાં જંગલ વિસ્તારમાં લાકડાં લેવા માટે ગયેલા સ્થાનિકને બાળકી ધ્યાને આવતા માસૂમ તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા. શહેરા તાલુકાના જંગલ વિસ્તારમાં કમલેશભાઈ નામના વ્યક્તિ લાકડાં વીણવા માટે ગયા હતા. જંગલના શાંત વાતાવરણમાં અચાનક તેમને કોઈ બાળકના રડવાનો અવાજ સંભળાયો હતો. અવાજની દિશામાં તપાસ કરતા કાંટાની ઝાડીઓ વચ્ચે પડેલી એક નવજાત બાળકી પર તેમની નજર પડી હતી. કાંટાની ઝાડીઓમાં ફેંકવામાં આવી હોવાથી માસૂમ બાળકીના શરીર પર કાંટા વાગવાને કારણે ઈજાઓ થઈ હતી. કમલેશભાઈએ વિલંબ કર્યા વગર બાળકીને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી અને સ્થાનિકોની મદદથી સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને આરોગ્ય વિભાગ સતર્ક બન્યું હતું. નવજાત બાળકીને વધુ સારી સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલી રહી છે.

# ગ્રાહક બનીને ચોરી કરવા આવેલી ૪ મહિલાઓની ટોળકી ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોધરા

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં ગ્રાહકના સ્વાંગમાં આવી વેપારીઓની નજર ચૂકવી ચોરી કરતી મહિલાઓની ગેંગનો પર્દાફાશ થયો છે. ગોધરા શહેર એ-ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ચાર મહિલાઓની ધરપકડ કરી તેમની પાસેથી ચોરાયેલો મુદ્દામાલ રિકવર કર્યો છે.

મળતી માહિતી અનુસાર, ૧૨મી ફેબ્રુઆરીના રોજ ગોધરાના ભરચક ગણાતા બગીચા રોડ પર આવેલી એક કપડાંની દુકાનમાં આ ચોરીની ઘટના બની હતી. ચાર અજાણી મહિલાઓ એકસાથે ગ્રાહક બનીને દુકાનમાં પ્રવેશી હતી. દુકાનદારને વાતોમાં પરોવી અને કપડાં જોવાની આડમાં આ મહિલાઓએ નજર ચૂકવીને એકસાથે ૨૨ નંગ ડ્રેસની ચોરી કરી લીધી હતી.

મહિલાઓ ગયા બાદ માલ ઓછો જણાતા દુકાન માલિકે તપાસ કરી હતી અને અંતે એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મળતા જ પોલીસે તપાસ તેજ કરી હતી. દુકાન અને આસપાસના વિસ્તારના CCTV ફૂટેજ તપાસતા ચારેય મહિલાઓની શંકાસ્પદ હિલચાલ કેમેરામાં કેદ થઈ હતી. ફૂટેજમાં મહિલાઓ અત્યંત ચાલાકીપૂર્વક ડ્રેસ ચોરી કરતી હોવાનું સ્પષ્ટ જણાતા પોલીસે બાતમીદારો અને સર્વેલન્સની મદદથી આ ટોળકીને દબોચી લીધી હતી.


STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS
ABOUT NEWSPAPER "GARVI GUJARAT"
GUJARATI DAILY AS REQUIRED TO BE PUBLISHED
UNDER RULE 8 OF REGISTRATION OF NEWS PAPER.
(CENTRAL RULES 1856)
FORM - IV
(SEE RULE - 8)

1. Place of Publication — **TF-01,**Nanakram Super Market,Rmanagar, **Sabarmati, Ahmeabad- 380 005,Gujarat, India.**
2. Periodicity of its publication — Gujarati Daily
3. Printer's name — **(1) JIGNESH RASHIKBHAI GAJJAR**, **(2) DESAI RAHUL MAHESHBHAI**, **(3) HARDIK MAHESHBHAI DESHI**
   Whether Citizen of India ? Yes
   Address — **(1)Vansh Corporation,** A/8, Shayona Golden **Estate,Shahibag,Ahmedabad-380004,Gujarat, India.** **(2)BhavaniOffset,BhatiyaNi Wadi,Opp.KalupurRailway Station,Kalupur,Ahmedabad-380002.Gujarat, India.** **(3)BhoomiOffset,BhatiyaNi Wadi,Opp.KalupurRailway Station,Kalupur,Ahmedabad-380002.Gujarat, India.**
4. Publisher's name — **AJAYKUMAR RAMANLAL PRAJAPATI** **131,**Dharmanagar Society, Highway Road, **Sabarmati, Ahmedabad- 380 005,Gujarat, India.**
5. Editor's name — **AJAYKUMAR RAMANLAL PRAJAPATI**
   Whether Citizen of India ? Yes
   Address — **131,**Dharmanagar Society, Highway Road, **Sabarmati, Ahmedabad- 380 005,Gujarat, India.**
6. Owners Names And Address — **AJAYKUMAR RAMANLAL PRAJAPATI** **131,**Dharmanagar Society, Highway Road, **Sabarmati, Ahmedabad- 380 005,Gujarat, India.**

I **AJAYKUMAR RAMANLAL PRAJAPATI** here by declare that particulars given above are true to the best of my knowledge and belief.

**Date : 01-03-2026**

**Ajaykumar Ramanlal Prajapati**
**Singaturs of Publisher.**

### કચેરીઓમાં CCTV છે, તો ફોર્મ ભરનાર લોકોને ઓળખીને તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે: ચૈતર વસાવા

# મતદારયાદીમાંથી નામ કમી કરાવનાર લોકો સામે કાર્યવાહી કરવા AAP ધારાસભ્ય ચૈતર વસાવાની વિધાનસભામાં માંગ

### આદિવાસી વિસ્તારોમાં પણ ૧૭ અને ૧૮મી જાન્યુઆરીએ હજારોની સંખ્યામાં વોટ કાપવા માટે ૭ નંબરના ફોર્મ ભરાયા: ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/ભરૂચ

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આજે વિધાનસભામાં મેં મતદાર યાદીમાં નામ કમી કરવા માટેના ૭ નંબરના ફોર્મ ભરવામાં આવે છે તેનો મુદ્દો ઉઠાવ્યો હતો. જે મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલી, તેમાં કોઈ મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતા કોઈ વ્યક્તિ મતદાર યાદીમાં આવી ન જાય તેની પ્રક્રિયા ચાલે છે. ૨૯ જાન્યુઆરીએ ચૂંટણી પંચ દ્વારા પ્રેસનોટ જાહેર કરવામાં આવી એમાં ૯,૮૮,૬૨૧ ફોર્મ નંબર છ અંતર્ગત નામ કમી કરવા મળ્યા છે તેમ એમણે જણાવ્યું. ત્યારબાદ ખૂબ જ હોબાળો થયો. ૧૭ અને ૧૮ જાન્યુઆરીએ જે સાત નંબરના ફોર્મમાં રજુ કરનાર હતા




એ કોઈપણ દસ્તાવેજી પુરાવા વગર ઢગલાબંધ સંખ્યામાં રજૂ કરવામાં આવ્યા. વિસનગરની ગ્રામ પંચાયતમાં સરપંચ સહિતના લોકોના નામ કમી કરવા માટે ફોર્મ દાખલ કરવામાં આવ્યા હતા. જૂનાગઢની વિધાનસભામાં ૨૩૪ બુથ પર કેટલાય લોકોના નામ કમી કરવા માટે ત્યાંના કોર્પોરેટરે સાત નંબરના ફોર્મ દાખલ કર્યા. એવી જ રીતે ઘણી જગ્યાએ ૧૮૦૦૦ ફોર્મ ભરાયા.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે તો આ રીતે એક કાવતરા સાથે સમગ્ર ગુજરાતમાં ૧૨.૫૦ લાખથી વધારે ફોર્મ ભરવામાં આવ્યા, ત્યારબાદ ખૂબ જ હોબાળો થયો. ત્યારબાદ ચૂંટણી પંચ ૨૯ તારીખે કહે છે કે તેમને ૯,૮૮,૬૨૧ ફોર્મ મળ્યા છે. બીજા દિવસે ૩૦ જાન્યુઆરીના રોજ ચૂંટણી પંચ કહે છે કે ૧,૮૩,૨૩૫ ફોર્મ તેમની પાસે બાકી છે તો એક જ રાતમાં ૮,૦૫,૩૮૬ ફોર્મ ક્યાં ગાયબ થઈ ગયા? આ ફોર્મ કોણ લઈ ગયું અને કઈ રીતે ગાયબ થયા તેનો જવાબ કોઈની પાસે નથી. અમે જ્યારે આની માહિતી માંગી કે આ કોણ ફોર્મ ભરી ગયું જેમાં નામ અને નંબર પણ અલગ છે તો કોઈની પાસે એની કોઈ માહિતી આપવામાં આવી નહોતી. મામલતદાર પ્રાંત સહીત તમામ કચેરીઓ સીસીટીવી કેમેરાથી સજ્જ છે. છતાં પણ બાબાસાહેબે આપેલા બંધારણમાં આપેલા મતદાનના અધિકારને છીનવવાના પ્રયાસો થઈ રહ્યા છે. એક પણ જગ્યાએ ફોર્મ નંબર ૭ ભરનાર સામે કાર્યવાહી કરવામાં આવી નથી. તો આ ફોર્મ ભરનાર લોકોને ઓળખવામાં આવે અને તેમના પર કાર્યવાહી કરવામાં આવે એવી અમે ગૃહમાં માંગ કરી છે. સાત નંબરના ફોર્મે ચૂંટણી પંચને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું. BLO દ્વારા ખૂબ જ સારું કામ કરવામાં આવ્યું પરંતુ એ પ્રક્રિયા દરમિયાન આદિવાસી વિસ્તારોમાં પણ ૧૭મી જાન્યુઆરી અને ૧૮મી જાન્યુઆરીએ હજારોની સંખ્યામાં વોટ કાપવા માટે સાત નંબરના ફોર્મ ભરાયા. જેના કારણે લોકોમાં ડર ઉભો થયો. ત્યારબાદ લોકોએ કચેરીના ધક્કા ખાવા પડ્યા. તો અમારી માંગ છે કે સીસીટીવી કેમેરાના આધારે જે લોકોએ ફોર્મ ભર્યા હોય તેમની ઓળખ કરવામાં આવે અને તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે.

## તમે મારી ને આવો હું છુટ આપુ છું : હરીભકતોને આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદની સલાહનો વિવાદીત વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

કાલુપુર સ્વામિનારાયણ મંદિરના કોટેશ્વર ગુરુકુળના રામકૃષ્ણ સ્વામીનો વિવાદ હજુ શમ્યો નથી અને સંપ્રદાયના હરીભકતોમાં રોષ છે ત્યારે કાલુપુર સ્વામિનારાયણ ગાદીના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદનો એક વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો છે. જેમાં તે સ્ટેજ પર સંબોધન કરતા કહે છે કે તમે કોઈને મારી ને આવ્યા છો તેવી ફરીયાદ મારી પાસે આવવી જોઈએ, તમે મારજો હું છુટ આપુ છું. આ ઉપરાંત તે હરી ભકત યુવાનોને ઉશ્કેરણી કરતા હોય તેવા શબ્દોનો ઉપયોગ થયો છે. ખાસ કરીને આચાર્ય દ્વારા ઉચ્ચારવામા આવતા શબ્દોને કારણે સંપ્રદાય સાથે જોડાયેલા હરીભકતોને લાગણીને ઠેસ પહોચી છે.




કાલુપુર સ્વામિનારાયણ મંદિરના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદનો એક વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો છે, જેમાં તે હરીભકતોને સંબોધન કરતા સમયે ઉશ્કેરણી કરતા હોય તેવા શબ્દોનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. તેમણે કહ્યુ કે આપણા પાંગણા નથી થવાનુ, આપણે ફરીયાદી નથી થતા, તોહમતદાર થઈએ છીએ, સેલ્ફ ડીફેન્સમાં ગોળી ચલાવે તો પણ માણસ છુટી જાય છે. એવી ફરીયાદ મારી પાસે આવવી જોઈએ કે તમે ટીચીને આવ્યા છો અને ટીચ જો , જો હું છુટ આપુ છું, યુવક મંડળના છોકરાઓએ બાંયો ચડાવવાની છે, ઉત્તર ગુજરાતના એક ગામમાં કોઈ સંપ્રદાયના સાહિત્યનુ વેચાણ કરવા માટે વાનમાં કેટલાક લોકો આવ્યા હતા. ત્યારે મે હરીભકતોને બોલાવીને કહ્યુ હતુ કે પેલા સાહિત્યવાળાને કહી દો કે તને ૩૦ સેકન્ડ આપીએ છીએ, અહીંથી ઉઠ નહીતર સળગાવી નાખીશુ, હરીભકતો દિવાસળી ઘાંસલેટ લઈને ગયા હતા, વાનવાળો ૧૫ સેકન્ડમાં ભાગી ગયો, બોર્ડર પર ટીચકા મારતો હોય ત્યારે બ્રહયોસ્ત છોડીએ છીએ અને આપણે બ્રહયાસ્ત છોડવાનુ છે, કેટલાય લાઈનમાં છે અને સરખા નહી ચાલે તો બધાય જશે, આ વિડીયો અડાલજમાં યોજાયેલી શિક્ષાપત્રીના ૨૦૦ વરસની ઉજવણી સમયનો હોવાની શકયતા છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાયની મહત્વની ગણાતી કાલુપુર ગાદીના આચાર્ય જેવા સન્માનીય પદે રહેલા કૌશલેન્દ્રપ્રસાદ દ્વારા ઉચ્ચારવામાં આવતા આવા શબ્દોને કારણે વિવાદ ઉભો થયો છે.

## મોદીનો જાદુ ઓસર્યો: સુરેન્દ્રનગર જિલ્લામાં મોદીના કાર્યક્રમમાં જંગી મેદની એકઠી કરવાને લઈ નેતાઓમાં ચિંતાના વાદળો ઘેરાતા: છેલ્લે જવાબદારી વ્યાજબી ભાવના દુકાનદારોને વાહનો ભરી માણસો લાવવાની જવાબદારી સોંપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માં ધીરે ધીરે હવે નરેન્દ્ર મોદીનો જાદુ ઓસરી રહ્યો હોય તેવુ દેખાઈ રહ્યુ છે. કારણ કે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરેન્દ્રનગર જિલ્લાના સાણંદ ખાતે યોજાનારા કાર્યક્રમમાં હાજર રહેવાના હોવાને લઈ કાર્યક્રમમાં જંગી મેદની એકઠી કરવાની જવાબદારી પંચાયત મંત્રી સહિત નેતાઓને સોંપવામાં આવી હતી. પરંતુ મોડે મોડે જંગી મેદની એકઠી ન થવાની વાતો વહેતી થતા ભાજપના નેતાઓ ચિંતામાં મુકાયા હતા, અંતે ભાજપે જંગી મેદની લાવવાની જવાબદારી તંત્રને ઢોળી દીધી હતી. જેમાં જિલ્લાની વ્યાજબી ભાવના દુકાનદારોને



દુકાનદાર શ્રી તમામ
શનિવારે માનનીય પી.એમ. સાહેબ નો
સાણંદ ખાતે પ્રોગ્રામ છે જેમાં આપડા ...
જે ગ્રાહકો ને મોકલવાના છે એમના નામ તથા મોબાઈલ નંબર કાલે સવારે 10.30 કલાકે ફરજિયાત મને આપવાના છે. જેના નામ આપો એ ફરજિયાત હાજર રહે એ ધ્યાન રાખવું. કોઈ દુકાનદાર ને જવું હોય તો પણ છુટ્ટી છે.
8:27 PM

દુકાનદાર શ્રી તમામ
શનિવારે માનનીય પી.એમ.
નો સાણંદ ખાતે પ્રોગ્રામ છે
આપડા સુરેન્દ્રનગર સિટી ના
ને હાજર રાખવાના છે.
અનુભાઇ ગઢવી -૬
ઇરફાન ભાઈ જિંદાની -૬
સાહિરાબેન -૬
રાઠોડ પ્રીતિબેન -૬
આ સિવાય ના તમામ દુકાન
એ 3 ગ્રાહકો ને મોકલવાના

વાહનો ભરી મોદીના કાર્યક્રમમાં માણસો લાવવા માટેની જવાબદારી સોંપવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાણંદ ખાતે યોજાનારા કાર્યક્રમને સફળ બનાવવા માટે ત્યાં જંગી મેદની એકઠી કરવા માટે સુરેન્દ્રનગર વહીવટી તંત્ર દ્વારા સરકારી મશીનરીનો વિવાદાસ્પદ ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનો ધડાકો થયો છે. એક દુકાનદાર ને ૧૦ થી વધુ વ્યકિતઓ લાવવાની જવાબદારી સોંપાઈ હતી. મળતી માહિતી પ્રમાણે સાણંદમાં વડાપ્રધાનના કાર્યક્રમમાં ભીડ એકઠી કરવા માટે સુરેન્દ્રનગર વહિવટી તંત્રના અધિકારીઓએ વ્યાજબી ભાવના દુકાનદારો પર દબાણ વધાર્યુ હતું. અધિકારીઓ દ્વારા દુકાનદારોને કડક સુચના આપવામાં આવી હતી કે દરેક દુકાનેદારે ફરજીયાતપણે ૧૦ થી વધુ વ્યકિતઓને પોતાની સાથે કાર્યક્રમમાં હાજર રાખવાના રહેશે. એટલુ જ નહી ભીડ એકઠી કરવાની આ કામગીરી પર દેખરેખ રાખવા માટે તંત્ર એ નવો ફતવો બહાર પાડયો હતો. વ્યાજબી ભાવના દુકાનદારો જે લોકોને કાર્યક્રમમાં લઈ ને જવાના છે તે તમામ નામનુ લીસ્ટ તૈયાર કરી વહિવટી તંત્ર ને સોંપવાના કડક આદેશો આપવામાં આવ્યા હતા. આ આદેશને પગલે જિલ્લાના વ્યાજબી ભાવના દુકાનદારો માં પણ અંદરખાને ભારે રોષ જોવા મળ્યો હતો. સામાન્ય રીતે સરકારી તંત્ર જનતાની સુખાકારી અને વહિવટી કામગીરી માટે જવાબદાર હોય છે. પરંતુ સુરેન્દ્રનગર જિલ્લા વહિવટી તંત્ર જ ભીડ ભેગી કરનાર એજન્સી તરીકે કામ કરી રહ્યુ હોય તેવુ ચિત્ર ઉપસી આવ્યુ હતું. વ્યાજબી ભાવના દુકાનદારોને આવી રીતે રાજકીય કાર્યક્રમો માટે ટાર્ગેટ આપવા તે તંત્રની નિષ્પક્ષતા સામે સવાલો ઉભા કરે છે. જો સરકારી અધિકારીઓ દ્વારા આ પ્રકારે જનતા અને વ્યાજભી ભાવના દુકાનદારો પર દબાણ લાવવુ વ્યાજબી છે ? આ મુદ્દો અત્યારે સમગ્ર જિલ્લામાં ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે.

## સરકારી અધિકારીઓ ચુંટાયેલા પ્રતિનિધિઓને મુળાભાજી ગણે છે: અધિકારીઓ લોક પ્રતિનિધિઓને ગાંઠતા નથી : જિલ્લા ભાજપ પ્રમુખનો કલેકટર ને પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

તાજેતરમાં વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ અધિકારીઓ તેમને ગાંઠતા ન હોવાનુ કહી મુખ્યમંત્રી ને પત્ર પાઠવતા રાજકીય ગરમાવો આવી ગયો હતો. કહેવાય છે કે આ વડોદરા જિલ્લો નાયબ મુખ્યમંત્રીનો પ્રભારી જિલ્લો હોવા છતાં નાયબ મુખ્યમંત્રી દ્વારા અધિકારીઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ચુંટાયેલા પ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.





ત્યારે હવે વધુ એક કિસ્સો જુનાગઢ જિલ્લામાં બનવા પામ્યો છે. જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખે કલેકટરને પત્ર લખી તેમણે કલેકટરને સરકારી અધિકારીઓ ચુંટાયેલા પ્રતિનિધિઓને મુળાભાજી ગણે છે અને અધિકારીઓ લોક પ્રતિનિધિઓને ગાંઠતા ન હોવાની રજુઆત કરી છે. જુનાગઢમાં સરકારી તંત્રની લાપરવાહી વિરૂધ્ધ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણાએ લાલ આંખ કરી છે. સણસણતા આક્ષેપ કર્યા છે કે સરકારી અધિકારીઓ ચુંટાયેલા પ્રતિનિધિઓને ગાંઠતા નથી, જિલ્લા પંચાયત અને મહેસુલી તલાટીઓ તેમજ આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો સમયસર હાજર રહેતા નથી. હોસ્પીટલોમાં દવાનો સ્ટોક ન હોવાથી જનતા હાલાકી ભોગવી રહી છે જેના પગલે તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.